# ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ સોસાયટી

"ઓ" બ્લોક, ચોથો માળ, ન્યુ ઓ.પી.ડી. બીલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલની સામે
સેક્ટર-૧૨, ગાંધીનગર – ૩૮૨૦૧૬.
(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)

જાહેરાત ક્રમાંક-૦૨/૨૦૧૭ અન્વયે નર્સિંગ સંવર્ગની મળેલ અરજીઓ પૈકી નર્સિંગ અધિક્ષક, નાયબ નર્સિંગ અધિક્ષક અને મદદનીશ નર્સિંગ અધિક્ષક ની માન્ય અને અમાન્ય અરજીઓની યાદી પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે કોઇ ઉમેદવારને કોઇપણ વાંધા હોય તો વાંધા અંગેની રજુઆત જરૂરી આધાર પુરાવા સાથે આ કચેરીને તા.૦૫/૦૧/૨૦૧૮ સુધીમાં કરી શકશે. અરજી સાથે રજુ કરેલ વિગતોના આધારે અરજી અમાન્ય થયેલ હશે અને આ પૈકીની વિગતોના સમર્થનમાં આધાર પુરાવા રજુ થશે તે જ બાબતોને ફક્ત વિચારણામાં લેવામાં આવશે. અરજીમાં રજુ કર્યા સિવાયની વિગતો બાબતે કોઇ વાંધા ધ્યાને લેવામા આવશે નહિ. તા.૦૫/૦૧/૨૦૧૮ ના કચેરી સમય બાદ વાંધા માટેની કોઇ રજુઆત ધ્યાન પર લેવામા આવશે નહિ જેની નોંધ લેવી.

તા. ૨૧/૧૨/૨૦૧૭ — ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

સ્થળ:-ગાંધીનગર — જીએમઇઆરએસ

ગાંધીનગર

---

<u>અગત્યની સુચનાઓ :</u>

<u>૧)</u> અરજીપત્રક સ્વીકારવાની આખર તારીખ ૦૫/૦૬/૨૦૧૭ બાદ મળેલ અરજીઓને અમાન્ય ઠેરવેલ છે.

<u>૨)</u> અરજીપત્રકમા કઇ જગ્યા (હોદ્દા) માટે અરજી કરેલ છે તે દર્શાવેલ ન હોય તેમની અરજીઓ અમાન્ય ઠેરવેલ છે.

<u>૩)</u> અરજીપત્રકમા જાહેરાતમા દર્શાવ્યા સિવાયની ની જગ્યા જેમ કે, સ્ટાફનર્સ માટે અરજી કરેલ હોય તો તેમની અરજી અમાન્ય ઠેરવેલ છે.

<u>૪)</u> એક જ અરજીપત્રકમાં એક થી વધુ જગ્યાઓ જેમકે, નર્સિંગ અધિક્ષક /નાયબ નર્સિંગ અધિક્ષક/મદદનીશ નર્સિંગ અધિક્ષક માટે અરજી કરેલ હોય તો ફકત એક જ જગ્યા કે જે પહેલા દર્શાવેલ હોય તે માટે અરજી ધ્યાન પર લેવામાં આવેલ છે.

<u>૫)</u> નિયત નમુનામા અરજીપત્રક રજુ કરેલ ન હોય તેમની અરજી અમાન્ય ઠેરવેલ છે.

૬) ઉમેદવારોના અનુભવ ને અરજી સ્વીકારવાની આખર તા.૦૫/૦૬/૨૦૧૭ સુધી જ ગણતરીમાં લેવામાં આવેલ છે.

૭) ઉમેદવારોએ અરજીપત્રક સાથે રજુ કરેલ અનુભવ પ્રમાણપત્ર સાથે જાહેરાતમા દર્શાવ્યા મુજબનો કોઇપણ પ્રકારના પગાર અંગેનો આધાર રજુ કરેલ ન હોય તો તે અનુભવ ને ગણતરીમાં લેવામાં આવેલ નથી.

૮) સામાન્ય ઉમેદવારોએ અરજી ફી પેટે-૨૦૦ રૂ. નો ડીમાંડ ડ્રાફ્ટ રજુ કરવાનો હતો. જે ઉમેદવારોએ રજુ કરેલ નથી તેમની અરજી અમાન્ય ઠેરવેલ છે.

૯) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગ તથા શારિરીક વિકલાંગ ઉમેદવારોએ કોઇ ફી ભરવાની ન હતી પરંતુ જે ઉમેદવારોએ જાતિ અંગેનુ પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા ક્રિમિલિયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અને ડીમાંડ ડ્રાફ્ટ પણ રજુ કરેલ ન હોય તો તેમની અરજી અમાન્ય ઠેરવેલ છે.

૧૦) જે ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત (full Time Course) ના સમયગાળા દરમ્યાનના અનુભવ પ્રમાણપત્ર રજુ કરેલ છે તેવા ઉમેદવારોની અરજીઓ અમાન્ય ઠેરવેલ છે.

૧૧) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત ના સંદર્ભમા તમામ વર્ષની તમામ પ્રયત્નોની માર્કશીટ રજુ કરેલ ન હોય તો તેને માન્ય ઠેરવેલ નથી.

૧૨) ઉમેદવારે એડીશનલ ક્વોલીફિકેશન દર્શાવેલ હોય જેમકે પોસ્ટ બેઝીક બી.એસ.સી. કે એમ.એસ.સી.નર્સિંગ પરંતુ તેનુ રજીસ્ટ્રેશન ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં કરાવેલ ન હોય અથવા રજીસ્ટ્રેશન મેળવવા માટે અરજી કરેલ ન હોય તો તે શૈક્ષણિક લાયકાતને માન્ય રાખેલ નથી.

૧૩) જે ઉમેદવારોએ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ નુ રજીસ્ટ્રેશન તથા રજીસ્ટ્રેશન રીન્યુઅલ કર્યા અંગેની નકલ રજુ કરેલ નથી તેમની અરજી અમાન્ય ઠેરવેલ છે.

૧૪) જે ઉમેદવારોએ એક જ જગ્યા(હોદ્દા) માટે એક થી વધુ અરજીઓ કરેલ છે તેમની એક સિવાયની બાકીની અરજીઓ અમાન્ય ઠેરવેલ છે.

*********************************************